# સંજ્ઞા

## સંજ્ઞા એટલે શું ?

ભાષાવ્યવહારમાં આપણે જગતના સર્વ મૂર્ત અને અમૂર્ત પદાર્થોને 'નામ'થી ઓળખીએ છીએ. આ નામને સંજ્ઞા તરીકે ઓળખવામાં આવે છે.

જે શબ્દ કોઈ ચોકકસ વ્યકિત, સ્થાન કે પદાર્થની ઓળખ સૂચવે તે શબ્દને "સંજ્ઞા" કહેવામાં આવે છે.

( ૧ ) વ્યક્તિ, પદાર્થ, ગુણ, ભાવ કે ક્રિયાનો નિર્દેશ કરવા નામ - વાક્યાંશનો જે મધ્યવર્તી અથવા તો મુખ્ય અંશ હોય, વાકયમાં કર્તા કે કર્મને આવી શકતો હોય તેમને સંજ્ઞા કહે છે. સંજ્ઞાને નામપદ પણ કહેવામાં આવે છે.

( ૨ ) નામ કે સંજ્ઞાથી વસ્તુ કે વ્યક્તિ અથવા બાબતને અલગ પાડી શકાય છે.

( ૩ ) પદાર્થને ઓળખવા માટે અને તેના અંગે વાત કરવા માટે નામ કે સંજ્ઞાની જરૂર પડે છે.

( ૪ ) આપણે સીધો અનુભવ કરી શકીએ, જોઈ શકીએ કે ન જોઈ શકીએ તેવી બાબતોને પણ નામ આપીએ છીએ.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# સંજ્ઞા

**સંજ્ઞાઓ મૂર્ત અને અમૂર્ત હોય છે.**

**( ૧ ) મૃત સંજ્ઞા : જે સંજ્ઞાઓને જોઈ શકાય અથવા કોઈપણ ઇન્દ્રિય દ્વારા અનુભવી શકાય (આંખ, કાન, નાક, સ્પર્શ, સ્વાદ) તેવી સંજ્ઞાઓને મૂર્ત સંજ્ઞા કહેવાય છે.**

**ઉદા.: સ્ત્રી, પુરુષ, છોકરો, છોકરી, ઘોડો, ગધેડો, વાઘ, સિંહ, ચકલી, પો હાથી, ખુરશી, પર્વત, નદી, પેન, કમળ,ટેબલ, કૂતરો, જલેબી, મગ, અડદ, ઘી, દૂધ, અવાજ, ચળકાટ વગેરે..**

**( ૨ ) અમૂર્ત સંજ્ઞા : જે સંજ્ઞાઓને જોઈ ન શકાય તેવી સંજ્ઞાઓને અમૂર્ત સંજ્ઞા કહેવાય છે.**

**ઉદા. : ગુસ્સો, વિચાર, લાગણી, મુશ્કેલી, મુસીબત, કામ, વાત, પ્રેમ, દયા, માયા, ધિકકાર, રાહ, શકિત, તિરસ્કાર, બુદ્ધિ, દુઃખ, માનવતા વગેરે..**

**સંજ્ઞાઓ વિકારી અને અવિકારી હોય છે.**

## ( ૧ ) વિકારી સંજ્ઞા :

**લિંગ કે વચન અનુસાર જે સંજ્ઞાનું રૂપ બદલાય તેવી સંજ્ઞાને સંજ્ઞા કહેવાય છે. ઉદા. વાંદરો-વાંદરી-વાંદરું, કાંસકો-કાંસકી, કૂતરો-કૂતરી-કૂતરું સસલો– સસલી- સસલું, પંખો-પંખા છોકરો-છોકરી -છોકરું માણસ-માણસો વાછડો- વાછડીવાછડુ**

## ( ૨ ) અવિકારી સંજ્ઞા :

**લિંગ કે વચન અનુસાર જે સંજ્ઞાનું રૂપ ન બદલાય તેવી સંજ્ઞાન અવિકારી સંજ્ઞા કહેવાય છે. ઉદા. : હાથ, પગ, કમર, લાડુ, દહીં, પેટ, પાણી, સાસુ, ઘી, રેતી, હાર, પ્રણામ, વિવાહ, માટી, લોખંડ, કંસાર, દાળ, ભાત,**





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# સંજ્ઞા

## ( ૧ ) વ્યક્તિવાચક સંજ્ઞા :

જ્યારે કોઈ શબ્દ દ્વારા ચોક્કસ વ્યક્તિ, પ્રાણી કે પદાર્થ સૂચવાતો હોય ત્યારે તેને વ્યક્તિવાચક સંજ્ઞા કહે છે.

વ્યક્તિ કે પદાર્થને ઓળખવા માટે આપવામાં આવેલા વિશેષ નામને વ્યક્તિવાચક સંજ્ઞા કહેવાય છે.

પદાર્થ, સ્થળ, નદી, પર્વત, ગામ, દેશ અને અન્ય બાબતોના અપાયેલાં નામો એ વ્યક્તિવાચક સંજ્ઞા છે.

આપણા સૌનાં નામએ વ્યક્તિવાચક સંજ્ઞા છે.

ઉ.દા., પરી, દિનેશ, રશિયા, રૂણી, સાબરમતી, શ્યામ, બનાસ(ડેરી), ધાનેરા, હિમાલય, ગંગારામ, શિવાંશ, પાર્થ, અમેરિકા, દેવાંશી, ઇડર વગેરે....

## ( ૨ ) જાતિવાચક સંજ્ઞા :

વ્યક્તિ કે પદાર્થોના આખા વર્ગને કે જાતિને દર્શાવતી સંજ્ઞાને જાતિવાચક સંજ્ઞા કહેવાય છે.

જાતિવાચક સંજ્ઞાનો અર્થ આખા વર્ગને લાગુ પડે છે. તેને વિશેષણ દ્વારા મર્યાદિત કરી શકાય છે.

ઉ.દા., ટેબલ, દિયર, નદી, બહેન, મહેમાન, પર્વત, દેશ રાજ્ય, મહિલા, મજૂર, દીકરી, ઝભ્ભો, શિક્ષક,માતા, સ્ત્રી, પિતા, વૃક્ષ, ફૂલ વગેરે..





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# સંજ્ઞા

## ( ૩ ) દ્રવ્યવાચક સંજ્ઞા :

જે પદાર્થો દ્રવ્ય સ્વરૂપે જોવા મળે છે, તેમને દર્શાવતી સંજ્ઞાને દ્રવ્યવાચક સંજ્ઞા કહેવાય છે.

આ સંજ્ઞાઓને સંખ્યાવાચક વિશેષણો લાગતા નથી.

આવી સંજ્ઞાઓનું વજન કરી શકાય છે અથવા માપ લઈ શકાય છે આવી સંજ્ઞાઓને બહુવચનનો પ્રત્યય લાગતો નથી.

ઉ.દા. : હવા, દૂધ, તાંબું, જસત, મગ, સાકર, મધ, જુવાર, તાંબું તેલ, પારો, લોહી, અમૃત વગેરે...

## ( ૪ ) સમૂહવાચક સંજ્ઞા :

કોઈ પણ વર્ગની વ્યક્તિઓ કે પદાર્થોના સમૂહને દર્શાવનાર સંજ્ઞાને સમૂહવાચક સંજ્ઞા કહેવાય છે.

આવી સંજ્ઞાઓ એકવચનમાં પ્રયોજાય છે.

ઉ.દા. : ઝાડી, ટોળું, વર્ગ, પ્રજા, સંઘ, મૂડી, સમાજ, સૈન્ય, મેદની લોકો વગેરે...





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# સંજ્ઞા

## (૫) ભાવવાચક સંજ્ઞા :

અમૂર્ત (જોઈ ન શકાય તેવી) બાબતોને દર્શાવનારી સંજ્ઞાને ભાવવાચક સંજ્ઞા કહેવાય છે. આવી સંજ્ઞાને જોઈ કે સ્પર્શી શકાતી નથી, પણ તેનો કેવળ અનુભવ કરી શકાય છે.

ઉ.દા. : વફાદારી, આઝાદી, શોખ, મિઠાશ, દિવ્યતા, કોમળતા, સુંદરતા, શરમ, અભિમાન, ક્રોધ હેત વગેરે......

ભાવવાચક સંજ્ઞા બનાવવા માટે કેટલાક પ્રત્યયોનો ઉપયોગ થાય છે. મોટેભાગે વિશેષણો અને અન્ય સંજ્ઞાઓને પ્રત્યય લગાડીને ભાવવાચક સંજ્ઞા બનાવવામાં આવે છે.

જેમ કે. : શત્રુ : શત્રુતા, મિત્ર : મિત્રતા, મંદ : મંદતા, રાષ્ટ્ર: રાષ્ટ્રીયતા, નિષ્ફળ : નિષ્ફળતા

## ( ૬ ) ક્રિયાવાચક સંજ્ઞા :

ક્રિયા દર્શાવતી સંજ્ઞા તે ક્રિયાવાચક સંજ્ઞા કહેવાય છે.

જેમકે, 'બોલવું' ક્રિયા છે પણ 'બોલ' ક્રિયા દર્શાવનાર સંજ્ઞા છે. (જેમકે, મહેમાનશ્રી આપણને બે બોલ કહેશે.) દોડ, ચાલ, લેખન, દર્શન, રમત વગેરે.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# તારું જ્ઞાન તપાસીએ.

## નીચેના વાક્યમાંથી સંજ્ઞા શોધી તેના પ્રકાર જણાવો.

1. શામળિયાના શિર પર મોરમુગટ અને કાનમાં કુંડળ શોભે છે.

2. ઘણું દૂર ગયા રણછોડ મને કેમ વીસરે રે ?

3. તે ગોવાળમાં ગિરધર શોભે.

4. કાંઠા વર્ષોમાં જીવલાની સ્થિતિ બહુ થઈ ગયેલી.

5. આ મંદિર પેશ્વા સરકારે બંધાવ્યું છે.

6. એક જ આદમીના પુણ્યે આંબા, જાંબુડા અને ચીકુના ઝુંડથી મહેકતાં કરી મૂક્યાં છે.

7. અહી શા સારુ જમીન માંગો છો ?

8. ભગત કૂતરાને રોટલા નીરતા જાય.

9. રહેવા દે ! રહેવા દે ! આ સંહાર, યુવાન તું.

10. મહારાજ શ્રીમંત સયાજીરાવ એક ભેખડ પર એક બે અંગ રક્ષકો સાથે ઉભા હતા.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892